[29/A-29]    Seat No. __________    No. of printed page: 1

**SARDAR PATEL UNIVERSITY**
**B A (V Semester) Examination**
**Saturday, 19th November, 2016**
**10.00 am - 1.00 pm**
**UA05CGLT14 - ગુજરાતી સાહિત્ય અપઠિત (અનસીન)**

**કુલ ગુણ : ૭૦**

**નોંધ:** જમણી બાજુ દર્શાવેલા આંકડા ગુણ સૂચવે છે.

પ્ર.૧ નીચેનામાંથી **ગમે તે ત્રણ**નો વિચાર વિસ્તાર કરી સમજાવો. (૨૪)

૧. મોટાની લઘુતા જોઈ થાકયો
નાનાની મોટાઇ જોઇ જીવું છું.

૨. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

૩. રે જન્મથી કોઇ ન હીન, ઉચ્ચ;
ન જન્મથી કોઇ પવિત્ર, તુચ્છ.

૪. તને મેં ઝંખી છે - યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.

૫. જનનીની જોડ, સખી ! નહિ જડે રે લોલ.

૬. ક્ષમામાં જે શકિત છે તે દંડમાં નથી.

પ્ર.૨ નીચે આપેલ પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૨)

મનુષ્યનો આત્મા કેવી અજબ ચીજ છે ! સંખ્યાતીત પરાજયો વેઠ્યા છતાં આદર્શને ખાતર, સત્યને ખાતર, શ્રદ્ધાને ખાતર, દેશને ખાતર, ઇજ્જતને ખાતર, માણસ યુગયુગાન્તરોથી પોતાના જીવનનું તથા જેને પોતે પ્યારામાં પ્યારું લેખતો હોય તે બધાનું બલિદાન આપતો આવ્યો છે. એ આદર્શો ભલે બદલાય, પણ આત્મ બલિદાનની માણસની એ તાકાત કાયમ રહી છે અને એટલા ખાતર તેનું ઘણું ઘણું દરગુજર કરી શકાય એમ છે તથા તેને વિશે હાથ ધોઇ નાખવાનું અશક્ય બની જાય છે. ભારે આપત્તિની પળે પણ તેણે પોતાનું ગૌરવ છોડયું નથી, કે નથી પોતે સેવેલા આદર્શો પરની શ્રદ્ધા તેણે ગુમાવી. કુદરતનાં પ્રચંડ બળોના રમકડાં સમો તથા આ વિરાટ વિશ્વમાં એક રજકણ સમો હોવા છતાં, નિસર્ગની મૂળભૂત શકિતઓ સામે તેણે પડકાર ઉઠાવ્યો છે. માણસમાં ખરે જ દેવનો કંઇક અંશ છે - અને સાથે-સાથે જ તેનામાં શેતાનનો પણ અંશ છે.

**અથવા**

પ્ર.૨ નીચે આપેલ પરિચ્છેદનો ૧/૩ ભાગમાં સંક્ષેપ કરો. (૧૨)

આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રદ્ધા ખોઇ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાની છાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. તમારા જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહ્યા છીએ. હવે રોવાનું છોડી દઇને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે. મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે અને સાચનું પારખું આ છેઃ જે કાંઇ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુમાં જરાય પ્રાણ નથી, એ સાચું હોઇ શકે જ નહિ. સત્ય એટલે શકિત, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા, સત્ય તો માણસને બળદાયક નીવડવુ જોઇએ, પ્રકાશ આપનાર હોવું જોઇએ, જોમદાયક હોવું જોઇએ.

પ્ર.3 નીચેનામાંથી **ગમે તે ચાર** છંદના બંધારણ આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૬)

| | | | |
|---|---|---|---|
| ૧. શાલિની | ૨. દોહરો | ૩. શાર્દૂલવિક્રીડિત | ૪. પૃથ્વી |
| ૫. શિખરિણી | ૬. હરિગીત | ૭. સોરઠો | ૮. મંદાક્રાન્તા |

પ્ર.૪ **ગમે તે બે** અલંકારની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. (૧૪)

૧. ઉપમા    ૨. વર્ણાનુપ્રાસ    ૩. ઉત્પ્રેક્ષા    ૪. રૂપક

☺ ☺ ☺